સત્સંગ પરીક્ષા પેમ્ફલેટ-2025

પેપર સ્ટાઈલ (કુલ ગુણ : 40, સમય : 40 મિનિટ)

ક્રમ	પ્રશ્ન વિગત	ગુણ
પ્રશ્ન નં. : 1	1 થી 20 પ્રશ્નો (MCQ)	20 ગુણ
પ્રશ્ન નં. : 2	નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.	10 ગુણ
પ્રશ્ન નં. : 3	ખાલી જગ્યા પૂરો.	5 ગુણ
પ્રશ્ન નં. : 4	જોડકા જોડો.	5 ગુણ

---

1. અનાદિમુક્ત કોને કહેવાય ?

⇒ શ્રીજીમહારાજની મૂર્તિ સાથે રોમરોમ પ્રત્યે પુરુષોત્તમરૂપ થઈ, શ્રીજીમહારાજની મૂર્તિની અંદર-બહાર રહીને સમગ્ર મૂર્તિનું સુખ ભોગવતા મુક્તને અનાદિમુક્ત કહેવાય.

2. કારણ સત્સંગી એટલે શું ?

⇒ કારણ સત્સંગી એટલે અનાદિમુક્ત. કારણ સત્સંગી એ અવરભાવનો શબ્દ છે. અનાદિમુક્ત એ પરભાવનો શબ્દ છે.

3. આપણો ગુરુમંત્ર કયો છે ?

⇒ અહમ્ અનાદિમુક્ત સ્વામિનારાયણ દાસોસ્મિ.

4. આપણું સિદ્ધાંત સૂત્ર ક્યું છે ?

⇒ "સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના દ્રઢ કરી, અનાદિમુક્તની સ્થિતિ પામવી એ જ કારણ સત્સંગ"

5. SMVSનું સિદ્ધાંત સૂત્ર એટલે શું?

⇒ SMVS સંસ્થા જે સિદ્ધાંત પર રચાયેલી છે એટલે કે SMVS સંસ્થાની સ્થાપના જે હેતુ માટે થઈ છે જે કાર્ય કરવા માટે આ સંસ્થા રચાઈ છે તે સિદ્ધાંતને દર્શાવતું સૂત્ર એટલે SMVSનું સિદ્ધાંત સૂત્ર 'સર્વોપરી ઉપાસના દ્રઢ કરી અનાદિમુક્તની સ્થિતિ પામવી' આ જ મિશન માટે SMVS સંસ્થા છે. SMVSનું સિદ્ધાંત સૂત્ર એ સંસ્થાનો આત્મા છે.

6. નિમગ્ન થવું એટલે શું ?

⇒ દેહના ભાવોથી વિરક્ત થઈ મૂર્તિ ભાવમાં આવી જવું. 'હું' પદ છોડીને 'હરિ' પદમાં આવી જવું.

7. નિમગ્ન થવાના સ્ટેપ જણાવો.

⇒ શાંત થવું → સ્થિર થવું → એકાગ્ર થવું → નિમગ્ન થવું.

8. દિવસ દરમિયાન વારંવાર નિમગ્ન થવાથી શું શું ફાયદા થાય ? (નિમગ્નપણું શા માટે ?)

1. હું કરું છું, મારે કરવાનું છે એને ભૂલીને શ્રીજીમહારાજનું કર્તાપણું રહે
2. દેહભાવનો પ્રલય કરીને મૂર્તિભાવમાં આવી જવાય, અવરભાવનો પ્રલય કરીને પરભાવ દ્રઢ થાય
3. સત્સંગની કે વ્યવહારની પ્રવૃત્તિમાં મહારાજનું જોડાણ વિસરી જવાયું હોય તો ફરીથી મહારાજમાં જોડાણ થાય.
4. હાલતા-ચાલતા સર્વે ક્રિયામાં મૂર્તિનું અનુસંધાન રહે
5. ત્રુટક ત્રુટક વૃતિના જોડાણથી મહારાજમાં અખંડ વૃતિનું જોડાણ થાય
6. હું કોણ છું ? અને શા માટે આવ્યો છું ? તેના તરફ નિરંતર દ્રષ્ટિ રહે

9. અનાદિમુક્ત વિશ્રામ શાના માટે છે ?

1. ગઢડા પ્રથમના ૨૦માં વચનામૃતમાં જણાવ્યા મુજબ હું કોણ છું ? મને કેવો કર્યો છે ? પોતાના સ્વ-સ્વરૂપને ઓળખી, તેનું નિરુત્થાનપણું કરી, એને અનુભવવા માટેનું તીર્થસ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
2. ગઢડા પ્રથમના ૩૨માં વચનામૃતમાં જણાવ્યા મુજબ કથાવાર્તાનો ચારો ચરીને હજારો અને લાખોને મૂર્તિરૂપી માળામાં વિરામ કરાવવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
3. ગઢડા પ્રથમના ૫૧માં વચનામૃતમાં જણાવ્યા મુજબ અક્ષર થકી પર અક્ષરાતીત એવા પુરુષોત્તમની દ્રષ્ટિ કેવી રીતે થાય ? તે શીખવા અને શીખવવા માટેનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
4. ગઢડા મધ્યનું ૧૩ તથા ૧૪માં વચનામૃતમાં જણાવ્યા મુજબ તદાત્મકપણુંને નિરુત્થાનપણું કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.

5. ગઢડા મધ્યનું ૪૫માં વચનામૃતમાં જણાવ્યા મુજબ સૌને તલમાત્ર કસરથી રહિત કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
6. ગઢડા છેલ્લાના ૩૯માં વચનામૃતમાં જણાવ્યા મુજબ આત્મા-પરમાત્માના સ્વરૂપની ઓળખાણ કરાવી તેનું મિલન કરવાનું, રોમ રોમપણે એકતા પામવાનું, વેગ લગાડવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
7. ગઢડા છેલ્લાના ૧૩માં વચનામૃતમાં જણાવ્યા મુજબ શ્રીજીમહારાજની રુચિ મુજબ વન-પર્વતમાં જઈને અખંડ ધ્યાન કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
8. અનંતના દેહભાવ ટળાવી, પ્રતિલોમપણે સાધનાએ કરીને છતે દેહે મૂર્તિનું સુખ પામવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
9. બાપાશ્રીની પહેલા ભાગની ૧૬૭મી વાતમાં આશીર્વાદ આપ્યા છે કે "જો ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઇ જાય અગર છ મહિનાને માંહે પણ મૂર્તિ સિદ્ધ થઇ જાય." ૬ માસે મૂર્તિ દેખવાનું સ્થાન, સ્થિતિ કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
10. અનંત સ્વરૂપાનંદસ્વામી અને અનંત પર્વતભાઈ સર્જવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
11. અનંત સોક્રેટીસ જેવા આત્મભૂમિકામાં રહેનારા પાત્રો તૈયાર કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
12. રતુખાંટ જેવા અનંત પાત્રો તૈયાર કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
13. જનકરાજા રાજ કરતાં છતાં મન તો મોટા યોગી જેવુ હતું તેવા અનંત વિદેહી પાત્રો તૈયાર કરવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
14. દુનિયાની કોઈ સ્થિતિ-પરિસ્થિતિમાં ન લેવાય એવી બ્રહ્મવિદ્યા શીખવાનું દિવ્ય સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
15. ભીતર દર્શન અને આંતરયાત્રા (Inner Journey) કરી ઊંડાઈ પામવાનું સ્થાન એટલે અનાદિમુક્ત વિશ્રામ.
16. મહાસમર્થ સમગ્ર સદગુરુશ્રીના સંકલ્પોને સાકાર કરવાની ભૂમિ એટલે અનાદિમુક્ત વિશ્રામ.

10. શ્રીજીમહારાજને પ્રગટ અને પ્રત્યક્ષ જાણ્યા ક્યારે કહેવાય ?

⇒ શ્રીજીમહારાજ મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા ત્યારે જ પ્રગટ થયા એવું નથી. શ્રીજીમહારાજ તો સદાય પ્રગટ, પ્રગટ ને પ્રગટ જ છે. પરંતુ આ બ્રહ્માંડ માટે સંવત ૧૮૩૭થી શ્રીજીમહારાજ મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા. જેથી આ બ્રહ્માંડ માટે શ્રીજીમહારાજ સંવત ૧૮૩૭થી પ્રગટ છે એવું કહેવાય પરંતુ શ્રીજીમહારાજ તો છે, છે ને છે જ એટલે કે શ્રીજીમહારાજ સદાય પ્રગટ જ છે. વળી, અત્યારે શ્રીજીમહારાજ મનુષ્યને મૂર્તિ સ્વરૂપે અર્થાત્ પ્રતિમા સ્વરૂપે દર્શન આપે છે. આ પ્રતિમા સ્વરૂપ મૂર્તિ ચર્મચક્ષુએ દેખાય છે ફોટો, આરસ કે પ્રતિમા પણ તે ફોટો કે આરસ કે પ્રતિમા નથી. તેઓ તો સાક્ષાત જ છે, પ્રગટ જ છે, સદાય તેજના સમૂહમાં જ છે અર્થાત અક્ષરધામમાં જ છે. આવો દિવ્યભાવ મૂર્તિને વિષે સમજવો એ જ શ્રીજીમહારાજને પ્રગટ-પ્રત્યક્ષ જાણ્યા કહેવાય.

11. મારા ચૈતન્યને અનાદિમુક્ત કર્યો છે અને ચૈતન્યને(મને) અનાદિમુક્ત કર્યો છે આ બંનેમાં શું ફેર ?

⇒ મારા ચૈતન્યને અનાદિમુક્ત કર્યો છે તે આપણે દેહભાવ સોતા બોલીએ છીએ એ આપણી ગેરસમજ છે. પરંતુ હું દેહ નથી દેહથી જુદો આત્મા છું અને મને જ અનાદિમુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે. આ ચૈતન્ય ભૂમિકામાં રહીને બોલ્યા કહેવાય એ સાચી સમજણ છે.

12. હરિભક્તોના પંચવર્તમાન કયા કયા છે ?

⇒ (૧) દારૂ (૨) માટી (૩) ચોરી (૪) અવેરી (૫) વટલવું નહિ ને વટલાવવા નહીં.

13. પૂ. સંતોના પંચવર્તમાન કયા કયા છે ?

⇒ (૧) નિષ્કામ (૨) નિર્લોભ (૩) નિર્માન (૪) નિઃસ્નેહ (૫) નિઃસ્વાદ

14. પંચવર્તમાન પાળવા શા માટે ફરજિયાત છે ?

1. ઈન્દ્રિયોના આહાર શુદ્ધ કરવા માટે
2. મૂર્તિમાં રહેવાની લાયકાત કેળવવા માટે (મરજીમાં રહેતા આવડે તેને જ મૂર્તિમાં રહેતા આવડે.)
3. મહારાજને રાજી કરવા માટે
4. રાજી કર્યાનો એક સરખો આગ્રહ રહે તે માટે
5. અંદરના અને બહારના કુસંગથી બચવા માટે
6. મળેલું જ્ઞાન, પદ, પ્રાપ્તિ, ગુરુની શોભા વધારવા માટે
7. દેહના રોગોથી બચવા માટે
8. ઈન્દ્રિયો-અંતઃકરણ પર સંયમ મેળવવા માટે

15. ધ્યાનના પ્રકાર કેટલા અને કયા કયા છે ?

⇒ ધ્યાનના પ્રકાર ચાર છે.

1. સાંગ - વસ્ત્ર અલંકાર વિનાની મૂર્તિનું ધ્યાન
2. ઉપાંગ - વસ્ત્ર અલંકાર સહિતની મૂર્તિનું ધ્યાન
3. સલીલ - શ્રીજીમહારાજની કોઈ લીલાઓ સહિતનું ધ્યાન
4. સપાર્ષદ - મુક્તે સહિત શ્રીજીમહારાજનું ધ્યાન

16. પુરુષોત્તમરૂપ પાત્ર થવાના ઉપાયો લખો.

1. મહારાજ અને મોટાપુરુષના અંતરના રાજીપાના ભૂખ્યા થવું.
2. મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ કરવી.
3. મુમુક્ષુતા કેળવવી.
4. દેહદ્રષ્ટિ ટાળી દિવ્યદ્રષ્ટિ કેળવવી (અવરભાવમાં પરભાવની દ્રષ્ટિ કેળવવી.)
5. પ્રતિલોમભાવે ધ્યાન કરવું.

17. રજોગુણ, તમોગુણ અને સત્વગુણ એટલે શું ?

⇒ **રજોગુણ :** સારું સારું ખાવાની, પીવાની, પહેરવા - ઓઢવાની ઈચ્છા વર્તે તેને તથા વિષય ભોગવવાની ઈચ્છા (વાસના)ને રજોગુણ કહેવાય.

તમોગુણ : ક્રોધ, ગુસ્સો (તામસી પ્રકૃતિ) તથા આળસ, પ્રમાદ, નિદ્રા (ઊંઘ ઊંઘ કરવું તે) વગેરે તમોગુણ કહેવાય.

સત્વગુણ : સારી ઈચ્છા સત્વગુણ કહેવાય. કંઈક સારું કરવાનું મન થાય તે. દા.ત. : માળા ફેરવવાની ઈચ્છા, વચનામૃત વાંચવાની ઈચ્છા, ધ્યાન કરવાની ઈચ્છા, મંદિરે જવાની ઈચ્છા વગેરે...

આ ત્રણેય ગુણ માયિક છે.

- <u>જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ ચોથો ગુણ સમજાવ્યો.</u>

શુદ્ધ સત્વગુણ : મૂર્તિમાં રહેવું, મૂર્તિરૂપે વર્તવું તેનું નામ શુદ્ધ સત્વગુણ. જે કાંઈ ક્રિયા કરીએ તે ભગવાનની મૂર્તિમાં રહીને કરવી તેનું નામ શુદ્ધ સત્વગુણ.

18. દેહભાવને લીધે શું નુકશાન થાય ? અથવા દેહભાવના કારણે કયા કયા પ્રશ્નો ઉદ્ભવે છે ?

1. અવરભાવમાં જ રાચ્યા કરાય. પરભાવ તરફ પ્રયાણ થાય જ નહિ.
2. દેહદ્રષ્ટિ ન ટળે.
3. પંચવિષયમાં જ પ્રીતિ થાય.
4. મૂર્તિસુખની ઈચ્છા જ ન જાગે.
5. દેહભાવમાં જ પ્રીતિ થાય.
6. અભાવ-અવગુણમાં રાચ્યા રહેવાય.
7. મુંઝવણ, ટેન્શન, ઝઘડા, દોષો નડે.
8. વાસના ટળે જ નહિ.
9. પોતાના અહંકારની, માનની પુષ્ટિ જ કર્યા કરે.
10. પોતાનું સ્થાન જ શોધ્યા કરે.

19. દેહ અને આત્માની નોખી વિક્તિ Knowledge in life (KL) માં છે પણ Practical in life (PL) માં નથી તેનું શું કારણ છે ?

⇒ - અનાદિમુક્તની સ્થિતિ પામવી છે એવો ધ્યેય ક્લીયર નથી

- દેહથી આત્મા નોખો કરવો જ પડશે એવું ફરજિયાત મનાતું નથી.
- પ્રાપ્તિ જ સ્થિતિ મનાઈ ગઈ છે તેથી એવો વિચાર રહે છે કે, 'અત્યારે વિષય સુખ ભોગવી લઈએ દેહના અંતે મૂર્તિનું સુખ મળવાનું જ છે ને ?'
- દોષો ટાળવાની તત્પરતા જાગી નથી.
- મોટાપુરુષનો (સ્થિતિ પમાડવાનો) આગ્રહ હજુ આપણો થયો નથી.

20. જ્ઞાની, અજ્ઞાની અને અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની એટલે શું ? તેનો સામાન્ય અને વિશિષ્ટ અર્થ જણાવો.

⇒ **<u>સામાન્ય અર્થ :</u>**

જ્ઞાની : દેહ અને આત્મા બંને જુદા છે એ ખબર છે. માટે, આત્માને પોતાનું સ્વરૂપ માને છે. હું આત્મા છું.

અજ્ઞાની : દેહ અને આત્મા બંને જુદા છે એ ખબર જ નથી. માટે, દેહને જ પોતાનું સ્વરૂપ માને છે. દા.ત.હું રમેશભાઈ છું.

અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની : દેહ અને આત્મા બંને જુદા છે એ ખબર છે. છતાંય, દેહને પોતાનું સ્વરૂપ માને છે. દા.ત.હું રમેશભાઈ છું.

⇒ **<u>વિશિષ્ટ અર્થ :</u>**

જ્ઞાની : મને અનાદિમુક્ત કર્યો છે તે ખબર છે. અને મૂર્તિરૂપે વર્તે છે. હું અનાદિમુક્ત છું.

અજ્ઞાની : મને અનાદિમુક્ત કર્યો છે તે ખબર છે. પણ, આત્મારૂપે વર્તે છે. હું આત્મા છું.

અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની : મને અનાદિમુક્ત કર્યો છે તે ખબર છે. છતાંય, દેહરૂપે વર્તે છે. દા.ત. હું રમેશભાઈ છું.

21. સ્વવિકાસ એટલે શું ?

⇒ 'સ્વ' એટલે 'હું' આત્મા. આત્માને મોટાપુરુષે વર્તમાન ધરાવી અનાદિમુક્ત કર્યો છે.

સ્વવિકાસ :- 'સ્વ' નો વિકાસ કહેતાં અનાદિમુક્તની સ્થિતિ તરફનો વિકાસ કહેતા, અનાદિમુક્તની સ્થિતિ માટેના પ્રયત્ન કરવા.

- સ્વવિકાસ એટલે આત્મલક્ષી વિચાર.
- સ્વવિકાસ એટલે 'હું અનાદિમુક્ત જ છું' એ માર્ગ તરફ આગળ વધવું.
- સ્વવિકાસ એટલે મહારાજ અને મોટાપુરુષને રાજી કરવાનો વિચાર.
- સ્વવિકાસ એટલે મૂર્તિ સાથે પ્રતિલોમપણાનો, સ્થિતિ પામ્યાનો વિચાર.
- સ્વવિકાસ એટલે દેહ અને આત્માની વિક્તી નોખી કરવાનો વિચાર.
- સ્વવિકાસ એટલે ભર્યા થવાનો વિચાર.
- સ્વવિકાસ એટલે મહારાજમાં જોડાવાનો વિચાર.

22. સ્વવિકાસના વિચારો કરવા એટલે શું ?

1. મહારાજ અને મોટાના અભિપ્રાયોને જાણવા.
2. આંતરમુખી જીવન કરવાના વિચારો કરવા.
3. વાચ્યાર્થમાંથી લક્ષ્યાર્થ તરફ જવાના વિચારો કરવા.
4. ધ્યેયની પૃષ્ટિના વિચારો કરવા.
5. નેગેટીવમાંથી પોઝિટીવમાં જવું.
6. મુમુક્ષુતા કેળવવાના વિચારો કરવા.
7. સાધનને સાધ્ય સુધી પહોંચાડવાનો, રિઝલ્ટનો વિચાર કરવો.
8. પોતાના અવરભાવના દોષો કેટલા ટળ્યા, તેનું સરવૈયું કાઢવું.

23. વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત એટલે શું ?

⇒ બે વસ્તુ હોવા છતાં દેખાય એક જ છે તે વિશિષ્ટાદ્વૈત. વસ્તુ બે - મહારાજ અને મુક્ત પણ મુક્ત સ્વામી-સેવકભાવે મૂર્તિમાં રહ્યા છે અને દેખાવ મહારાજનો રહે છે તેને જ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત કહેવાય.

24. શું કરીએ તો મોટાપુરુષનો મહિમા બરાબર સમજ્યા કહેવાય અથવા આત્મબુધ્ધિ કરી કહેવાય ?

1. મોટાપુરુષની અલ્પ આજ્ઞા, રૂચિ, મરજી લોપવી નહિ તો જ મૂર્તિરૂપે વર્તાશે.
2. એમની આજ્ઞાને અનુવૃત્તિમાં નિઃશંસયપણું ને નિધડકપણું અપાવીએ.
3. 'મોટાપુરુષ કોણ છે ?' એવી ઠાવકી ઘેડય પાડી દેવી.
4. મોટાપુરુષના સુખે સુખી અને દુઃખે દુઃખી થવું.
5. કોઈ દિવસ મોટાપુરુષ આગળ પોતાનો ઠરાવ ન રાખવો. સરળ થઈ જવું.
6. મોટાપુરુષ આગળ કદી કંઈ પણ છૂપાવવું નહિ, યુક્તિ-પ્રયુક્તિ ન કરવી.
7. મોટાપુરુષની સેવા અને સમાગમનો આગ્રહ રાખવો.
8. મોટાપુરુષના અમહિમાની વાત કદી પણ કરવી નહિ, કરવા દેવી નહિ, સાંભળવી નહિ કે વિચારવી પણ નહિ.
9. મોટાપુરુષના રાજીપાના નિરંતર ભુખ્યા રહેવું.

25. સંતો-ભક્તોનું મહાત્મ્ય દ્રઢ કરવા માટે શું કરવું જોઈએ ?

1. ગુણગ્રાહક દ્રષ્ટિ કેળવવી, સૌના ગુણ જ ગાવા.
2. સંતો-ભક્તોની તનની સેવાનું અંગ પાડવું. તેનાથી દાસત્વભાવ દ્રઢ થાય. (સંતો-ભક્તોના સુખ-દુઃખમાં ભાગીદાર થવું.)
3. સંતો-ભક્તોને જ્યારે મળીએ ત્યારે નીચા નમી ચરણસ્પર્શ કરવા.
4. એમની સામે વાદ-વિવાદ ન કરવો. હારીને રાજી થવું.

5. કોઈ દુભાય જાય એવી વાણી ન બોલવી કે એવી ક્રિયા ન કરવી. કોઈ દુભાય જાય તો માફી માંગી રાજી કરી લેવા.
6. સંતો-ભક્તોની વિવેક-મર્યાદા રાખવી.
7. સંતો-ભક્તોની મહિમાથી સેવા કરવી.
8. કોઈને અવગુણ આવે એવી આપણે ક્રિયા ન કરવી.

26. કારણ સત્સંગી તરીકે કઈ બે આવડત ફરજિયાત આવડવી જ જોઈએ ?

⇒ કારણ સત્સંગી તરીકે બે આવડત ફરજિયાત આવડવી જ જોઈએ.
(૧) મૂર્તિમાં રહેતા આવડવું જોઈએ.
(૨) મૂર્તિમાં જોડાઈએ ત્યારે વૃત્તિઓનો તાત્કાલિક સંકેલો કરતા આવડવું જોઈએ. અવરભાવ માત્ર સળગાવતા આવડવું જોઈએ.

27. જ્ઞાન-ધ્યાન ચિંતનના હેતુ જણાવો.

1. મહારાજ અને મોટાપુરુષને રાજી કરવા માટે.
2. સવારે વહેલા ઉઠવાની ટેવ પડે.
3. વ્હાલા ગુરુજીની આજ્ઞાનું પાલન થાય.
4. સવારના સમયમાં જ ભગવાનના દર્શન થાય.
5. દરરોજ ૧૫ મિનીટ ધ્યાન કરવા માટે
6. દરરોજ ઠાકોરજીને અંતરથી પ્રાર્થના કરવા માટે
7. દરરોજ કીર્તન ભક્તિ દ્વારા મહારાજને રીઝવી શકાય તે માટે
8. સવારના સમયમાં વ્યવહારિક પ્રવૃત્તિથી દુર રહી આધ્યાત્મિક માર્ગે આગળ વધવા માટે
9. અનાદિમુક્તની સ્થિતિ પામવા માટે.
10. દરરોજ વ્હાલા ગુરુજીની દિવ્યવાણીનો નિત્યપ્રત્યે લાભ લેવા માટે.
11. અનાદિમુક્ત વિશ્વમના પ્લાનિંગના ભાગ રૂપે જ્ઞાન-ધ્યાન ચિંતન છે
12. અનાદિમુક્ત વિશ્વમની લાયકાત મેળવવા માટે જ્ઞાન-ધ્યાન ચિંતન છે

28. જ્ઞાન–ધ્યાનનો અર્થ સમજાવો.

⇒ **<u>જ્ઞાન</u>** : શ્રીજીમહારાજના સ્વરૂપને તથા પોતાના સ્વરૂપને (ચૈતન્યને) જેમ છે તેમ ઓળખવું એનું નામ જ્ઞાન. જ્ઞાનનું મનન કરવાના નિરંતર અભ્યાસથી જ્ઞાનની દૃઢતા થાય છે.

⇒ **<u>ધ્યાન</u>** : શ્રીજીમહારાજના સુખને પામવું, માણવું એનું નામ ધ્યાન. શ્રીજીમહારાજની મૂર્તિનું પ્રતિલોમભાવે ચિંતવન કરવાના નિરંતર અભ્યાસથી ધ્યાનની દ્રઢતા થાય છે. જેને ધ્યાનમાં સુખ લેવું હોય તેને સૌ પ્રથમ જ્ઞાનની દૃઢતા કરવી ફરજિયાત છે. માટે શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન + પોતાના સ્વરૂપનું જ્ઞાન. પ્રતિલોમપણે મૂર્તિનું ચિંતવન કરીએ તે ધ્યાન.

29. જ્ઞાન-ધ્યાન ચિંતનના સમય જણાવો.

⇒ દરરોજ સવારે ૭ થી ૮ (પુરુષ તથા મહિલા વર્ગ માટે)
⇒ દરરોજ સાંજે ૪ થી ૫ (મહિલા વર્ગ માટે)
⇒ દરરોજ રાત્રે ૮ થી ૯ (કિશોરો માટે તેમજ જે યુવકો સવારે લાભ નથી લઈ શકતા તે સભ્યો માટે)

30. જ્ઞાન-ધ્યાન ચિંતનમાં શું શું લાભ મળે છે ?

1. સ્વામિનારાયણ મહામંત્રની ધૂન
2. પોતાના અહમને ઓગળવા માટે પ્રાર્થના
3. શ્રીજીમહારાજની રુચિ અને મૂર્તિમાં રહેવા માટે પ્રાપ્તિ અથવા મહાત્મ્યનું કીર્તન
4. વ્હાલા ગુરુજી દ્વારા પ્રતિલોમ ધ્યાન
5. પરભાવના માર્ગે, સમજણના માર્ગે આગળ વધવા માટે વ્હાલા ગુરુજીની દિવ્યવાણી

31. પ્રાર્થનાની પૂર્વ શરત કઈ કઈ છે ?

⇒ પ્રાર્થનાની ચાર પૂર્વ શરત નીચે મુજબ છે.
1. વિશ્વાસપૂર્વક પ્રાર્થના કરવી.
2. પ્રગટભાવે પ્રાર્થના કરવી.
3. ગરજુ-ભૂખ્યા થઈને પ્રાર્થના કરવી.
4. અહ્મશૂન્ય થઈને પ્રાર્થના કરવી.

32. અઠવાડિક સત્સંગ સભા શાના માટે છે ?

1. સજ્જન મનુષ્ય બનવા એટલેકે માનવતાના સદગુણો દ્રઢ કરવા માટે અઠવાડિક સભા છે.
2. જેમ દેહને દરરોજ સ્નાન કરાવવું પડે તેમ આત્માને સ્નાન કરાવવાનું માધ્યમ એટલે કથાવાર્તા
3. પૂ.સંતોનાં દર્શન કરવા માટે તેમજ પૂ.સંતોની કથાવાર્તાનો લાભ લેવા માટે સત્સંગ સભા છે.
4. અઠવાડિયા દરમ્યાન મનને શાંત કરવા માટેનું માધ્યમ એટલે જ સત્સંગ સભા
5. આત્મારૂપી બેટરીને ચાર્જ કરવા માટેનું માધ્યમ એટલે સત્સંગ સભા.
6. અનેક વિટંબણાઓથી આપણે ઘેરાયેલા છીએ જેમાંથી મુક્તિ મેળવવાનું સ્થાન એટલે સત્સંગ સભા
7. ભગવાનના માર્ગે આગળ વધવા માટેનું પગથિયું એટલે સત્સંગ સભા.

33. પૂજા શા માટે કરવી જોઈએ ?

1. શ્રીજીમહારાજની આજ્ઞા છે.
2. શ્રીજીમહારાજને રાજી કરવા.
3. મહારાજ આપણા જીવનમાં મુખ્ય છે તેથી દિવસની શરૂઆત પૂજાથી કરવી.
4. શ્રીજીમહારાજને વિષે પ્રગટભાવ દ્રઢ થાય તે માટે
5. પ્રતિલોમભાવ દ્રઢ કરવા માટે

34. આપણી નિત્યપૂજામાં કોની કોની મૂર્તિ રાખવામાં આવે છે ?

⇒ ઘનશ્યામ મહારાજ, અબજીબાપાશ્રી, સદ્ ગોપાળાનંદ સ્વામી, સદ્ નિર્ગુણદાસજી સ્વામી, સદ્. ઈશ્વરચરણદાસજી સ્વામી, સદ્. વૃંદાવનદાસજી સ્વામી, સદ્. કેશવપ્રિયદાસજી સ્વામી, સદ્. દેવનંદનદાસજી સ્વામી

35. મહિમા શ્લોક લખો.

⇒ "હે પ્યારા, સદાય દિવ્ય મૂર્તિ, તેજોમય અપાર છો;
મળ્યા દિવ્ય સત્પુરુષ જે, આપ રાજી થયાનું દ્વાર છો,
પુરુષોત્તમરૂપ સંતો-ભક્તો અમ સહુ, કૃપા તણાં પાત્ર છીએ;
જોઉં પરભાવને છોડી દેહદ્રષ્ટિ, સુખિયા થવાની ચાવી છે."

36. માનસીપૂજા એટલે શું ? કુલ કેટલી માનસીપૂજા હોય છે ?

- જેવી રીતે બહારથી બધી સામગ્રીઓ ભેગી કરીને દેહે કરીને આપણે મહારાજનું પૂજન,વંદન-સેવા કરીએ છીએ તેવી જ રીતે મનની ભાવનાએ કરીને (માનસિક રીતે) બધી સામગ્રીઓ એકઠી કરીને મહારાજનું પૂજન-વંદન સેવા કરવી એટલે જ માનસીપૂજા.
- માનસિક રીતે વિચારોથી દેહભાવને ભૂલી ભગવાનની પ્રત્યક્ષભાવે દિવસ દરમ્યાનની એક એક સેવાઓને પ્રેમવિભોર થઈને કરવી એટલે જ માનસીપૂજા.
- સવારે ઊઠીએ ત્યાંથી રાત્રે સુઈએ ત્યાં સુધીની જે ક્રિયાઓ આપણે કરીએ છીએ તેવી ક્રિયાઓ માનસિક રીતે વિચારીને પ્રેમવિભોર થઈને ભગવાનની સેવા કરવી એટલે જ માનસીપૂજા.
- ભક્તને પ્રભુની સેવાનો અવસર બે રીતે પ્રાપ્ત થાય છે. (૧) દૈહિક અને (૨) માનસિક
- માનસિક રીતે પ્રેમભાવથી કરેલી મહાપ્રભુની સેવા એટલે જ માનસીપૂજા.
- દિવસ દરમ્યાન કુલ ૫ માનસીપૂજા કરવાની હોય છે.

37. માનસીપૂજા શા માટે કરવી જોઈએ ?

1. મહારાજ સાથે આગવી પ્રીતિ કરવા.
2. મહારાજની આજ્ઞા પાળી એમને રાજી કરીને એમનું શોભાડવા
3. વ્યવહારરૂપ મટી મહારાજરૂપ થવા
4. ચંચળ મનને શાંત કરવા માટે
5. પ્રાથમિક રીતે મહારાજમાં વૃત્તિ જોડી રાખવા માટે

38. પ્રાપ્તિ જ સ્થિતિ મનાઈ જાય તો શું થાય ?

1. શ્રીજીમહારાજને રાજી કરવાના સાધનો કરવાની ઈચ્છા જ ન થાય.
2. કામ-ક્રોધાદિક શત્રુ ટાળવાનો પ્રયત્ન જ ન થાય.
3. રાજીપાનો વિચાર જ ન રહે.
4. પંચવિષયમાંથી પ્રીતી ટળે જ નહીં.
5. દેહભાવ ન ટળે.

6. પંચવર્તમાન યથાર્થ પળે નહીં. નિયમ-ધર્મ, આજ્ઞા પાળવાની ભૂખ અને ગરજ ન રહે. દેહને જ મહારાજ સમજાઈ જાય.
7. મહારાજના સુખ સુધી પહોંચાય જ નહીં.
8. અનાદિમુક્તની સ્થિતિ માટેના પ્રયત્નો જ ન થાય.

39. અનાદિમુક્ત માટે વપરાતા અન્ય નામ કયા કયા છે ?

⇒ તેમના માટે અનાદિમુક્ત, સર્વાત્માબ્રહ્મ, કૈવલ્યમુક્ત, નિત્યમુક્ત એવાં નામથી સંબોધન થાય છે.

40. પરમએકાંતિક મુક્ત અને અનાદિમુક્ત વચ્ચે શું તફાવત છે ?

	પરમ એકાંતિકમુક્ત		અનાદિમુક્ત
૧.	તેઓ શ્રીજીમહારાજની મૂર્તિના આધારે મૂર્તિની બહાર રહ્યા છે.	૧.	તેઓ શ્રીજીમહારાજની મૂર્તિમાં (અંદર-બહાર એકમેક) રહ્યા છે.
૨.	તેઓ મૂર્તિનું અંગોઅંગનું સુખ લે છે.	૨.	તેઓ મૂર્તિનું રોમરોમનું સુખ લે છે.
૩.	તેઓ એકદેશી પુરુષોત્તમરૂપ છે. તથા શ્રીજીમહારાજનું એકદેશી સાધર્મ્યપણું પામ્યા છે.	૩.	તેઓ સર્વદેશી પુરુષોત્તમરૂપ છે. તથા શ્રીજીમહારાજનું સર્વદેશી સાધર્મ્યપણું પામ્યા છે.
૪.	તેઓ અંગોઅંગ પ્રત્યે પુરુષોત્તમરૂપ છે.	૪.	તેઓ રોમ રોમ પ્રત્યે પુરુષોત્તમરૂપ છે.
૫.	તેઓ ઝાડની ફરતે છાલ છે તેમ બહારથી પુરુષોત્તમરૂપ છે. જેમ કે, સોનાનો ઢોળ ચડાવેલ કળશ.	૫.	તેઓ ઝાડમાં જેમ રસ રહ્યો છે તેમ માંહી-બહાર પુરુષોત્તમરૂપ છે. જેમ કે, આખો સોનાનો કળશ.
૬.	તેમનું સુખ અનાદિમુક્તની સરખામણીમાં બિંદુને ઠેકાણે છે.	૬.	તેમનું સુખ સિંધુને ઠેકાણે છે.
૭.	સાધનદશામાં પોતાના આત્માને બ્રહ્મરૂપ માને તે પરમએકાંતિક થાય છે.	૭.	સાધનદશામાં પોતાના આત્માને પુરુષોત્તમરૂપ માને તે અનાદિમુક્ત થાય છે.
૮.	તેમની સ્થિતિ અધૂરી છે.	૮.	તેમની સ્થિતિ પૂરી છે.
૯.	તેમની સ્થિતિ પરિવર્તનશીલ છે.	૯.	તેમની સ્થિતિ કાયમી છે.
૧૦.	તેમને અનાદિમુક્તની સ્થિતિ હજુ બાકી રહે છે.	૧૦.	તેમની સેવકભાવમાં છેલ્લી સ્થિતિ છે.

41. અંતવૃત્તિ એટલે શું ?

⇒ "વૃત્તિઓનો સંકેલો કરવો, વૃત્તિઓને અંતર સન્મુખ કરવી એટલે અંતવૃત્તિ."

42. અંતદ્રષ્ટિ એટલે શું ?

⇒ અંતદ્રષ્ટિ એટલે 'હું કોણ છું ?', 'હું શા માટે આવ્યો છું ?' અને 'હું શું કરી રહ્યો છું ?' આ વિચારમાં સતત ડૂબેલા રહેવું.

43. આંતરમુખી જીવન એટલે શું ?

⇒ જીવનધ્યેયની સ્પષ્ટતા + અંતવૃત્તિવાળું જીવન + અંતઃદ્રષ્ટિ

44. અંતવૃત્તિવાળું જીવન એટલે શું ?

⇒ ૧. ન છૂટકે જોવું પડે તો જ જોવું.
૨. ન છૂટકે જાણવું પડે તો જ જાણવું.
૩. ન છૂટકે જવું પડે ત્યાં જ જવું.
૪. ન છૂટકે સાંભળવું પડે તો જ સાંભળવું.
૫. ન છૂટકે બોલવું પડે તો જ બોલવું.
૬. ન છૂટકે જમવું પડે એ જ જમવું, એટલું જ જમવું અને એવું જ જમવું.
૭. ન છૂટકે પહેરવું ઘટે એવું જ પહેરવું.

45. મહારાજને પ્રતિલોમપણે ધારવા શા માટે ફરજિયાત છે ?

⇒ "સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ ને મુક્ત અનાદિ, તેને છેટાપણું કે જુદાપણું નથી કે'દી." મહારાજ અને અનાદિમુક્ત વચ્ચે રોમરોમપણે એકતા છે. એટલે કે આપણને રોમરોમપણે પુરુષોત્તમરૂપ કર્યા જ છે તેને Practical in life (PL) માં લઈ જવા માટે શ્રીજીમહારાજને પ્રતિલોમપણે ધારવા ફરજિયાત છે. કારણકે અનુલોમપણે ધારવાથી પરમએકાંતિક

મુક્તની સ્થિતિ થાય છે. તેનાથી શ્રીજીમહારાજનું યથાર્થ સુખ ભોગવાતું નથી તથા આપણને મોટાપુરુષે વર્તમાન ધરાવીને અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવી છે તો અનાદિમુક્તની સ્થિતિ કરવા માટે પ્રતિલોમપણે ધારવા ફરજિયાત છે.
દા.ત. જમાડવું હોય તો ખોરાક સાથે પ્રતિલોમપણું કરવું ફરજિયાત છે. જળ ધરાવવું હોય તો જળ સાથે પ્રતિલોમપણું કરવું ફરજિયાત છે. ખુરશીમાં બેસવું હોય તો ખુરશી સાથે પ્રતિલોમપણું કરવું ફરજિયાત છે. એમ શ્રીજીમહારાજનું યથાર્થ સુખ લેવું હોય તો મહારાજ સાથે પ્રતિલોમપણું કેળવવું ફરજિયાત છે.

46. સળગાવવું એટલે શું ?

⇒ અવરભાવમાત્રનો જ્ઞાને કરીને પ્રલય. ભૂતકાળનો, વર્તમાનનો અને ભવિષ્યનો અવરભાવ જ્ઞાને કરીને ભૂલી જવો.
દા.તઃ આજે ૧૨ તારીખ છે, કાલે ૧૧ તારીખ હતી, આવતીકાલે ૧૩ તારીખ થશે. મારે ૯ વાગ્યે આ કાર્ય કરવાનું છે. આવા બધા જ ખ્યાલોની વિસ્મૃતિ કરી દેવી. ટૂંકમાં, જ્ઞાને કરીને 'હું' ભાવની સંપૂર્ણ વિસ્મૃતિ કરવી. હું દેહ નથી, આત્મા પણ નથી. અનાદિમુક્ત જ છું. બસ, મહારાજ જ છે. જેમ શિલ્પી પથ્થરમાંથી મૂર્તિ બનાવતી વખતે મૂર્તિ સિવાય બધુ જ કોતરી નાખે છે કારણકે તે બધો કચરો છે. એમ મહારાજ સિવાય (પરભાવ સિવાય) બધો જ અવરભાવમાત્ર કચરો છે, પછી એ સત્સંગનો હોય કે વ્યવહારનો એ અવરભાવને જ્ઞાને કરીને ભૂલી જવું એ સળગાવ્યું કહેવાય.

47. જ્ઞાનની સ્થિતિ એટલે શું ?

⇒ "સમજણે કરીને, જ્ઞાને કરીને અવરભાવને ખોટો કરવો અને નિરુત્થાનપણે પરભાવની સમજણની દ્રઢતા થવી એ જ જ્ઞાનની સ્થિતિ."

— મને અનાદિમુક્ત કર્યો જ છે. અનાદિમુક્ત કોઈ દિવસ દેહધારી ન હોય. દેહના દોષો ક્યારેક દેખો દઈ જાય તો એ 'X' ના છે મારે વિષે કોઈ દેહના ભાવ નથી. "નક્કી રાખ્યા છે તમને મૂર્તિમાં, કરી દીધા છે મુજ આકાર રે." મહારાજના કોલ પર સંપૂર્ણ વિશ્વાસ. ટૂંકમાં, મહારાજના સ્વરૂપને વિષે અને સ્વસ્વરૂપને વિષે નિરુત્થાનપણું. (નક્કી આમ એટલે આમ જ છે.) એ જ જ્ઞાનની સ્થિતિ. નિરંતર સળગાયેલું રાખવું એ જ જ્ઞાનની સ્થિતિ.

— જ્ઞાનની સ્થિતિ = મહારાજના સ્વરૂપને વિષે સમજણે કરીને નિરુત્થાનપણે નિશ્ચય + સ્વસ્વરૂપને વિષે સમજણે કરીને નિરુત્થાનપણે નિશ્ચય.
(વચનામૃતઃ મધ્યનું ૧૩ અને છેલ્લાનું ૨જું)

48. અવરભાવમાં 'હું કોણ છું ?',અને પરભાવમાં 'હું કોણ છું ?' એટલે શું ?

⇒ અવરભાવમાં - હું સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનનો દિકરો છું.
- હું દિવ્ય સત્પુરુષ ગુરુદેવ પ.પૂ.બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો શિષ્ય છું.
પરભાવમાં - હું અનાદિમુક્ત છું.

49. અવરભાવમાં 'હું કોણ છું ?'ની દ્રઢતા થાય તો શું ફાયદા થાય ?

⇒ ૧) પોતાના ધ્યેયનું નિરંતર જાણપણું રહે.
૨) એમના જેવા થવાનો વિચાર આવે.
૩) નિરંતર એમના રાજીપા સામે દ્રષ્ટિ રહે.
૪) 'હું કોણ છું ?' વિચારથી મજબુતાઈ,ગંભીરતા આવે.
૫) નિરંતર સ્વવિકાસનો આલોચ રહે.
૬) મોટાપુરુષને લાંછન લાગે એવું જીવન ન જીવાય એવો સંકલ્પ પણ ન થાય.
૭) પંચવિષયમાંથી પાછા વળાય.
૮) સ્થિતિ માટે પાત્ર થવાય.
૯) પંચવર્તમાન યર્થાથ પળાય.
૧૦) રાજીપામાં સ્હેજે વર્તાય.
નોધ :- આ સિવાય અન્ય મુદ્દા પણ આવી શકે.

50. પરભાવમાં 'હું કોણ છું ?'ની દ્રઢતા થાય તો શું ફાયદા થાય ?

⇒ ૧) વિઘ્ન રહિત (નિર્વિઘ્ન) થઈ જવાય.
૨) દેહના ભાવોથી વિરક્ત થઈ જવાય.
૩) અવરભાવની લૌકિક ઈચ્છાઓ, આશા-તૃષ્ણા બધુ જ મટી જાય.
૪) 'હું અનાદિમુક્ત છું' એ વિચારથી આખી દુનિયા, માર્ગ જ બદલાઈ જાય. (પરભાવ તરફ પ્રયાણ થાય.)
૫) સ્વવિકાસ માટે જાગ્રત થવાય.
૬) સ્થિતિ તરફનો આગ્રહ વધી જાય.
૭) મહારાજમાં સ્હેજે સ્હેજે પ્રીતી થાય.
૮) વ્યવહાર અને પ્રવૃત્તિમાં પણ નિર્લેપ રહેવાય.
૯) આંતરસમૃધ્ધિ વધે. ભર્યાપણું રહે.
૧૦) મહિમાના જ વિચારો આવે.

૧૧) સદાય આનંદમાં અને દિવ્યભાવમાં જ રહેવાય.
૧૨) દેહના સગાં-સંબંધીમાંથી પ્રીતિ તૂટે. માયિક પ્રીતિ ન થાય.
નોંધ :- આ સિવાય અન્ય મુદ્દા પણ આવી શકે.

51. દેહભાવ ટાળવો શા માટે ફરજીયાત છે ?

⇒ ૧) આધ્યાત્મ માર્ગની શરૂઆત ત્યારે જ થાય.
૨) દેહભાવ સોતા મૂર્તિનું સુખ શક્ય જ નથી. જેમ એક ઘરમાંથી બીજા ઘરમાં જવા પહેલું ઘર છોડવું જ પડે છે. એમ દેહભાવ ટળે તો જ મૂર્તિનું સુખ મળે.
૩) જેને આંતર અને બાહ્ય તમામ પ્રશ્નોથી મુક્તિ મેળવવી હોય તેને દેહભાવ ટાળવો ફરજીયાત છે.
૪) ઈન્દ્રિયોને કાબુ કરવા માટે
૫) છતે દેહે મૂર્તિસુખના અધિકારી થવા માટે
૬) પંચવિષયમાંથી પ્રીતિ તોડવા માટે
૭) આશા-તૃષ્ણા ટાળવા માટે
૮) આંતરમુખી થવા માટે

52. વચનામૃત ગ્રંથ કોણે તૈયાર કર્યો ?

⇒ શ્રીજીમહારાજની સ્વમુખવાણી એટલે વચનામૃત. શ્રીજીમહારાજ જે જે ગામોમાં જે જે વાતો કરતા તે વાતો લખવામાં આવતી. આ લખેલા ખરડાનો સંગ્રહ કરવામાં આવ્યો તેમાંથી પાંચ નંદ સંતોએ એક ગ્રંથ તૈયાર કર્યો. જેને વચનામૃત ગ્રંથ કહેવામાં આવે છે. આ ગ્રંથ તૈયાર કરનાર સંતો આ પ્રમાણે હતા. (૧) સદ્. ગોપાળાનંદ સ્વામી (૨) સદ્. મુક્તાનંદ સ્વામી (૩) સદ્. નિત્યાનંદ સ્વામી (૪) સદ્. બ્રહ્માનંદ સ્વામી (૫) સદ્. શુકાનંદ સ્વામી

53. ક્યા ગામનાં કેટલા વચનામૃત છે ? આમ કુલ વચનામૃત કેટલા છે ?

⇒ **<u>પ્રથમ ભાગ</u>** :

1.	ગઢડા પ્રથમના	-	78
2.	સારંગપુરના	-	18
3.	કારિયાણીના	-	12
4.	લોયાના	-	18
5.	પંચાળાના	-	7
			133

⇒ **<u>બીજો ભાગ</u> :**

1.	ગઢડા મધ્યના	-	67
2.	વડતાલના	-	20
3.	અમદાવાદના	-	8
4.	અશ્લાલીના	-	1
5.	જેતલપુરના	-	5
6.	ગઢડા છેલ્લાના	-	39
			140

કુલ => 273

54. વચનામૃત લેખનની શરૂઆત ક્યારે થઈ ?

⇒ સંવત ૧૮૭૬ માગશર સુદ ચતુર્થી (ચોથ).

55. મોક્ષ અને આત્યાંતિક મોક્ષ એટલે શું ? આત્યાંતિક મોક્ષ કેવી રીતે થાય ?

⇒ મોક્ષના પ્રકાર અનંત છે. જમપુરીથી છુટે એને ય મોક્ષ કહેવાય. સ્વર્ગની પ્રાપ્તિ થાય એનેય મોક્ષ કહેવાય એથી ય જે તે અવતારોની ધામની પ્રાપ્તિ તે પણ મોક્ષ કહેવાય. મૂળ માયાથી છૂટે એનેય મોક્ષ કહેવાય. આમ મોક્ષના તો અનંત પ્રકાર છે. પરંતુ જીવાત્મા જન્મ મરણના ફેરા ટાળી છેલ્લો જન્મ થાય, એટલે કે ફરીથી આવવાનું રહે જ નહીં. તેનું નામ આત્યાંતિક કલ્યાણ (મોક્ષ) કહેવાય.

⇒ આવું આત્યાંતિક કલ્યાણ કેવી રીતે થાય ? તો કારિયાણીના ૭માં વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાને (સ્વામિનારાયણ ભગવાનને) વિષે જે દ્રઢ નિષ્ઠા તે જ આત્યાંતિક કલ્યાણ. ગઢડા મધ્યના ૮માં વચનામૃતમાં કહ્યું છે કે પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિ એ જ પરમપદ.

⇒ શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખવું એ જ પ્રાપ્તિ. એ જ કલ્યાણ. જેને સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી નિષ્ઠા દ્રઢ થાય જે આ જ અક્ષરધામનું દિવ્ય તેજોમય સ્વરૂપ મને મળ્યું છે. આવી સમજણ થાય તો છતે દેહે અક્ષરધામમાં જ છે એને મરીને પછી અક્ષરધામમાં જવાનું રહેતું નથી કે ફેર જન્મ ધરવાનો રહેતો નથી. આનું નામ આંત્યાતિક કલ્યાણ.

⇒ આવું આત્યાંતિક કલ્યાણ થાય કેવી રીતે ? તો શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ ઓળખાવનાર સાચા અનુભવી સત્પુરુષ મળે તો ઓળખાય. અને જેમ છે તેમ સર્વોપરી, સર્વ અવતારનાં અવતારી સમજાય તો જ આત્યાંતિક મોક્ષ થાય. નહિ તો ન જ થાય.

ગઢડા મધ્યનું ૯, મધ્યનું ૧૩, પંચાળાનું ૭ વગેરે વચનામૃતમાં શ્રીજીમહારાજે બહુ સરસ વાત કરી છે.

56. અવરભાવનાં કયા ત્રણ શબ્દ શ્રીજીમહારાજ માટે જ વપરાય છે ?

⇒ ધ્યાન, ભજન ને ઉપાસના આ ત્રણ શબ્દ શ્રીજીમહારાજ માટે જ વપરાય છે. ધ્યાન, ભજન અને ઉપાસના એ શ્રીજીમહારાજના જ થાય. બ્રહ્માંડમાં બીજા કોઈનું ન થાય. અવરભાવમાં કોઈ આપણા ગુણ હોય પણ તેમનું પણ ધ્યાન, ભજન, ઉપાસના તો ન જ થાય. ધ્યાન, ભજન, ઉપાસના તો મૂળમૂર્તિ સહજાનંદસ્વામી, ઘનશ્યામ મહારાજ, હરિકૃષ્ણ મહારાજ, સ્વામિનારાયણ ભગવાન વગેરેનું જ થાય.

57. અવરભાવ એટલે શું ?

⇒ સ્થૂળ દ્રષ્ટિએ એટલે કે ચર્મચક્ષુએ જે દેખાય છે, પણ સાચું નથી તેને અવરભાવ કહે છે.

દા.ત. (૧) ચેક જે દેખાય છે કાગળ, પણ કાગળિયું નથી, રુપિયા છે.

(૨) પ્રતિમાં જે દેખાય છે ફોટો કે પ્રતિમા, પણ પ્રતિમા નથી, સાક્ષાત ભગવાન છે.

58. પરભાવ એટલે શું ?

⇒ જે ચર્મચક્ષુએ દેખાતું નથી. સમજાય છે અને એ સાચું છે તેનું નામ પરભાવ.

દા.ત. (૧) ચેકમાં રુપિયા દેખાતા નથી સમજાય છે અને ખરેખર રુપિયા જ છે.

(૨) પ્રતિમા સ્વરુપે શ્રીજી મહારાજ જે સાક્ષાત્ ભગવાન જ છે, પણ આપણી આંખે આપણને દેખાતા નથી. પરંતુ સમજાય છે અને એ સાચું છે....તેને...પરભાવ કહેવાય.

59. અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું... પ્રાર્થના લખો.

અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું (૩)

હે નાથ પ્રાર્થના કરું દિવ્યભાવે, કૃપા કરો નિરુત્થાનપણું થાવે;
જગ સુખભોક્તા જીવ નથી હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...૦૧
સાંખ્યજ્ઞાને સર્વે ખોટું કરી જાણું, જોયા જાણવા જેવા આપ જ પ્રમાણું;
આપ ને મોટામાં પ્રીતિ કરું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...૦૨
દેહ નથી હું દેહના ભાવો જ કેવા, દેખાવામાત્ર જાણી છોડી દેવા જેવા;
અવરભાવ માત્ર અનિત્ય ગણું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...૦૩
શુદ્ધ ચૈતન્ય મને મૂર્તિરૂપ કીધો, મૂર્તિમાન કરીને મૂર્તિમાં લીધો;
રસબસભાવે સુખભોક્તા જ છું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...૦૪
પ્રતિલોમ પધારી બિરદ પૂર્ણ કરો, કર્તા બની મુને સુખથી જ ભરો;
સૌ સંતો ભક્તોને દિવ્ય જાણું હું, અનાદિમુક્ત હરિ મૂર્તિમાં જ છું હું...૦૫

60. મીઠીવાણી કીર્તન લખો.

મીઠી વાણી, મૃદુ વાણી, છે રાજીપાની કમાણી;
મહિમાથી ભરી, સ્માઇલ આપી, બોલો મીઠી વાણી... મીઠી ટેક
થેંક્યૂ સોરીનો ઉપયોગ કરીને, સૌને રાજી કરીએ;
વિનય વિવેક મર્યાદા રાખીને, બોલો મીઠી વાણી... મીઠી ૦૧
પરિવારમાં ખુશીઓની લ્હાણી, જોઈએ છે સુખ શાંતિ;
અરસપરસ દૂરી દૂર કરવા, બોલો મીઠી વાણી... મીઠી ૦૨
સામેના સ્થાને બેસી સદા, શબ્દમાળા ઉચ્ચરીએ;
કાતર જેવા મટી સોય જેવા થઈ, બોલો મીઠી વાણી... મીઠી ૦૩